
ગમડ્રોપ અને દરિયાઇ ચાંચિયા

વાલ બીરો







ગમડ્રોપ અને દરિયાઇ ચાંચિયા

વાલ બીરો



મિસ્ટર જોશિઆ ઓલ્ડકાસલ એની જૂની, વિશ્વસનીય વિન્ટેજ ગાડી, ગમડ્રોપ, માં બેઠા હતા. એનો પૌત્ર ડેન પાછળ બેઠો હતો અને બાજુમાં એનો કૂતરો હોરેસ બેઠો હતો. એ સમુદ્ર કિનારે પીકનીક મનાવી રહ્યા હતા, કારણકે એવું કરવામાં એને બહુ મજા આવતી હતી.

કમનસીબે વરસાદ વરસી રહ્યો હતો - મુશળધાર વરસાદ. એ પણ એની રજાઓ દરમ્યાન, જુલાઈના મધ્યમાં. એટલે એ સાવ કંટાળી ગયા હતા અને દુઃખી હતા.



"વાંધો નહીં," મિસ્ટર ઓલ્ડકાસલે વાતાવરણ હળવું કરવાની કોશિશ કરીને કહ્યું. "ડેન, તું કલ્પના કર કે સૂરજ નીકળ્યો છે અને પિત્તળની ગમડ્રોપ વરસાદમાં પણ લીલી કેમ નથી થઈ ગઈ?" એ જાણતા હતા કે ડેનની કલ્પનાશક્તિ સારી હતી, એટલે એણે એ કામ છોકરા પર છોડી દીધું અને પોતે એક સેન્ડવીચ ખાવા લાગ્યા.

ડેને કલ્પના કરવી શરુ કરી કે સૂરજ ચમકી રહ્યો છે - બરાબર એવી જ રીતે જેમ એ એની વાર્તાની ચોપડીમાં ચમકી રહ્યો હતો. એ વાર્તા બ્લેકેનડેગર નામના એક દરિયાઈ ચાંચિયા વિષે હતી અને ડેન એના રોમાંચક ભાગ સુધી પહોંચી રહ્યો હતો. એટલે એણે ધ્યાન જ ન આપ્યું કે હોરેસે એનું સોસેજ-રોલ ચોરી લીધું હતું, પણ એણે કૂતરાનો ખુશીથી ભસવાનો અવાજ જરૂર સાંભળ્યો. ડેને ઉપર જોયું તો એને બહુ આશ્ચર્ય થયું કે...

...સૂરજ નીકળી આવ્યો હતો અને હોરેસ સૂકા ઘાસમાં અહીં-તહીં દોડી રહ્યો હતો! ડેનને લાગ્યું કે એ કલ્પના કરી રહ્યો હતો, પણ મિસ્ટર ઓલ્ડકાસલ પોતે તડકામાં લટાર મારી રહ્યા હતા.

ડેન ગમડ્રોપમાંથી કૂદીને કિનારા તરફ દોડયો. ત્યાં પહોંચીને એ ડરનો માર્યો ઉછળી પડયો.

"જુઓ," એણે ચીસ પાડીને ઈશારો કર્યો.





ખાડીને ચક્કર લગાવીને એક વિશાળ જહાજ અચાનક પ્રગટ થયું: એના કૂવાથંભ પર એક કાળો ઝંડો લહેરાઈ રહ્યો હતો. એ એક દરિયાઈ ચાંચિયાનું જહાજ હતું - બરાબર ડેનના પુસ્તકમાં હતું એવું જ, બસ ફરક એટલો જ હતો કે એ જહાજ સીધું એના તરફ આગળ વધી રહ્યું હતું!

"દરિયાઇ ચાંચિયા, હે ભગવાન!" મિસ્ટર ઓલ્ડકાસલે ચીસ પાડી. "એ ખતરનાક હોઈ શકે છે, અને જહાજ પર સવાર થયેલા લોકો ખાસ કરીને દુષ્ટ લાગે છે. ચાલો ડેન, આવ હોરેસ, આપણે જલ્દીથી ગમડ્રોપમાં ઘરે પાછા ફરીયે!"





ત્યાં સુધીમાં જહાજે લંગર નાખી દીધું હતું. દરિયાઇ ચાંચિયા કિનારા પર આવી રહ્યા હતા અને એનું નેતૃત્વ બ્લેકેનડેગર પોતે કરી રહ્યો હતો! એ દેખાવમાં ખતરનાક અવશ્ય હતા, પણ જયારે એણે ગમડ્રોપને જોઇ, તો એ ડરીને ભાગી ગયા અને ચટ્ટાનો પાછળ સંતાઇ ગયા. કદાચ એને ગમડ્રોપ કોઇ વાદળી સમુદ્રી રાક્ષસ લાગી હશે.



કપ્તાન બ્લેકેનડેગર પણ ભાગી જાત, પણ એની પગ તલવારમાં ભરાતા એ ગોથું ખાઇ ગયો અને પડી ગયો. એ લથડિયાં ખાઇને ઉભો થયો, પણ ત્યારે એની એક આંખ પર લગાવેલી કાળી પટ્ટી નીકળી ગઇ અને પછી એ ગમડ્રોપને બંને આંખોથી જોઇ શક્યો.

"એ કોઇ રાક્ષસ નથી," કપ્તાને બૂમ પાડી, "આ એક ઘોડા વગરની ગાડી છે!"

બીજા દરિયાઇ ચાંચિયાને એ સાંભળીને ઘણી રાહત થઇ કે એ અજબ વસ્તુ ઘોડા વગરની ગાડી હતી, એટલે એમણે સંતાવાનું બંધ કર્યું અને ડરામણી રીતે આગળ વધ્યા.





"ચુપચાપ ઉભા રહો!" મિસ્ટર ઓલ્ડકાસલે ચેતવણી આપી.

"હું તમને જણાવી દઉં કે મારી ગાડીની બોનેટની નીચે ઓછા-માં-ઓછા બાર ઘોડા છે!" એણે એન્જીન તેજ કર્યું જેનાથી એ સાબિત થઇ શકે કે ગાડી કેટલી ખતરનાક હતી, અને ગમડ્રોપે કૃતજ્ઞતાપૂર્વક લાત મારવાનો અવાજ કર્યો.

દરિયાઇ ચાંચિયા ઘોડાથી ડરતા હતા, કારણકે એમણે સમુદ્રમાં બાર વર્ષોમાં ક્યારેય કોઇ ઘોડો જોયો ન હતો. એટલે એ તરત ભાગી ગયા.

મિસ્ટર ઓલ્ડકાસલ બહાર આવ્યા અને એણે એક પ્રસ્તાવ રાખ્યો. "જુઓ, હું મારા ઘોડાને નિયંત્રણમાં રાખીશ, પણ એ શરતે કે તમે તમારી ચોર આંગળીઓ મારી ગાડીથી દૂર રાખશો."

દરિયાઇ ચાંચિયા શાંત થઇ ગયા અને એમણે સારો વ્યવહાર કરવાનો વાયદો કર્યો. હકીકતમાં, એ મિત્ર બનવા માટે રાજી થઇ ગયા, અને પછી મિસ્ટર ઓલ્ડકાસલે કપ્તાન બ્લેકેનડેગર સાથે હાથ મિલાવ્યા.





કપ્તાને એના માણસોનો પરિચય કરાવ્યો.

"લાંબો છે એ ટિચ છે, નાનો છે એ લોફ્ટી, જાડો છે એ સ્કિની, ટાલિયો છે એ ફઝ, અને પેલો લંગડો પેગલેગ છે."


પછી કપ્તાન બ્લેકેનડેગરે એની મિત્રતાની સાબિતી તરીકે ડેનને પોતાની દરિયાઇ ટોપી ઉતારીને આપી.



"પણ અમારે એક કામ કરવાનું છે," કપ્તાન બ્લેકેનડેગરે કહ્યું. "અમે અહીં અમારો દાટેલો ખજાનો લેવા આવ્યા છીએ, પણ મારો જીવલેણ દુશ્મન કપ્તાન રેટલસેબર પણ આવી રહ્યો છે અને બની શકે છે કે એ અમારી પહેલા એને લઇ લે. એટલે આપણે ઉતાવળ કરવી જોઇએ."

"ચાલો આપણે એને ગમડ્રોપમાં લઇ જઇયે," ડેન એની મોટી ટોપી સરખી કરતા મોટેથી બોલ્યો. "હવે તો હું પણ એક દરિયાઇ ચાંચિયો છું અને તમે અમારા સાથી છો!"





મિસ્ટર ઓલ્ડકાસલ સહમત થયા અને ગમડ્રોપનું હૂડ નીચે કર્યું. દરિયાઇ ચાંચિયા એમાં સવાર થઇ ગયા, બે પગ મૂકવાના લાંબા પાટિયા પર, અને લોફટી સામાન મૂકવાની જાળી પર. "કસીને પકડજો!" મિસ્ટર ઓલ્ડકાસલે બૂમ પાડી અને એ રવાના થયા.

એ તટ પર ત્યાં સુધી ગાડી ચલાવતા રહ્યા જ્યાં સુધી એ બીજી ખાડી સુધી ન પહોંચ્યા. ટિચ સૌથી લાંબો હતો, એટલે એણે દૂરબીનથી જોઇને ચોકિયાતનું કામ કર્યું. અચાનક એણે બૂમ,

"સાવધાન! એક જહાજ બંદર પર છે!"



બીજું એક વિશાળ દરિયાઇ જહાજ હતું જે લંગર નાખીને ઉભું હતું. "ઓહ! હવે હું ખરેખર ચિંતિત છું," કપ્તાન બ્લેકેનડેગર જોરથી બોલ્યો. "એ રેટલસેબરનું જહાજ છે! એ ખલનાયક આપણાથી આગળ છે. ચાલો મિત્રો, એમની પાછળ!" અને એ બધા દુશ્મનની શોધમાં ગમડ્રોપની બહાર કૂદી પડયા.



ત્યાં કોઈ દેખાતું ન હતું. "એ જરૂર મારો ખજાનો શોધવા ગયા હશે," કપ્તાન વિલાપ કરતા બોલ્યો, "પણ મને ખબર નથી કે એ ક્યા રસ્તે ગયા હશે!" એ એક બહુ અકુશળ દરિયાઇ ચાંચિયો હતો; એ એનો નકશો પાછળ છોડી આવ્યો હતો અને હવે એને સાચો રસ્તો યાદ ન હતો. એટલે એ ચોધાર આંસુએ રડવા લાગ્યો.

"આ શું છે?" ડેને એક પીછું ઉપાડતા કહ્યું.

"એક પોપટનું પીછું!" ફઝે બૂમ પાડી.

"અહીં કોઇ પોપટ નથી," પેગલેગે કહ્યું. "પણ રેટલસેબર પાસે એક પોપટ જરૂર છે!" સ્કિનીએ ઘોષણા કરી.



"બસ!" મિસ્ટર ઓલ્ડકાસલે બૂમ પાડી, અને હોરેસને બોલાવ્યો. "મારો કૂતરો રસ્તો શોધી લેશે!" હોરેસે પીછું સૂંઘયું અને ઘૂરક્યો, કારણકે એ પોપટને નફરત કરતો હતો. "શોધ, દીકરા, શોધ!" મિસ્ટર ઓલ્ડકાસલે કહ્યું અને હોરેસ તરત દોડવા લાગ્યો.



"એની પાછળ!" એમણે રાડ પાડી અને બધા ગમડ્રોપમાં કૂદી પડયા. એ માંડ-માંડ હોરેસ સાથે રહી શકતા હતા, જે પોપટની ગંધનો પીછો કરી રહ્યો હતો અને એક મોટા કૂતરાની જેમ ભસી રહ્યો હતો. દરિયાઇ ચાંચિયાઓએ તલવાર વીંઝી અને બૂમ પાડી, "ટેલી-હો! વ્યુ-હાલ્લો!" મિસ્ટર ઓલ્ડકાસલે હોર્ન વગાડયું અને ગમડ્રોપ એક શિકારી ઘોડાની જેમ ઉછળતી આગળ વધી.



હોરેસને સારી રીતે ખબર હતી કે એ પોપટ ક્યાં ગયો હતો અને એ વીજળીવેગે આગળ વધ્યો. અચાનક એનું નાક હવામાં ઉઠયું અને કંપન કરતો ઉભો રહ્યો. કારણકે એની સામેની ઝાડી અલગ થઇ અને ત્યાંથી બહાર આવ્યો...



...પોપટ! એ કપ્તાન રેટલસેબરના ખભા પર બેઠો હતો. કપ્તાન એના ખૂંખાર દરિયાઇ ચાંચિયાઓથી ઘેરાયેલો હતો, અને એમાંથી બે સૌથી ખૂંખાર દરિયાઇ ચાંચિયા પાસે એક મોટી ખજાનાની પેટી હતી.



"આ રહ્યો મારો ખજાનો," કપ્તાન બ્લેકેનડેગરે રાડ પાડી, "ઉભા રહો અને મને સોંપી દો!" એ ગમડ્રોપની બહાર કૂધો, પણ ઉત્તેજનામાં એ ફરી ગડથોલિયું ખાઇ ગયો અને અને એણે એના દરિયાઇ ચાંચિયાને પાડી દીધા. હોરેસે ધ્યાન ન આપ્યું અને સીધો પોપટ પર હૂમલો કર્યો.





પોપટ ડરેલો લાગી રહ્યો હતો અને એણે કપ્તાનના ખભેથી કૂદકો માર્યો. "જતો રહે, બદમાશ! જતો રહે!" પીછો કરતા હોરેસને એણે મોટેથી ચીસ પાડી. પોપટ ઉડવા માટે બહુ ભારે હતો, પણ એ બહુ ઝડપથી દોડી શકતો હતો.

એ સમયસર એક ઝાડ સુધી પહોંચવામાં સફળ થયો, અને એ ઝાડના થડના એક કાણાંમાં કૂદકો મારીને જતો રહ્યો, જ્યાં હોરેસ એને પહોંચી ન શકે. હોરેસ એની સામે બેસી ગયો, અને જીભ બહાર કાઢીને એની રાહ જોવા લાગ્યો.




કપ્તાન રેટલસેબર અને એના માણસો ડરી ગયા. ગાડીમાંના દરિયાઇ ચાંચિયાનો હૂમલો તો ડરામણો હતો, પણ એને સૌથી વધારે ડરાવવાવાળો હતો હોરેસ: એણે સમુદ્રમાં વિતાવેલા એના બાર વર્ષોમાં એક પણ કૂતરો જોયો ન હતો, અને આ કૂતરો તો બહુ ભયાનક લાગી રહ્યો હતો - એ ભાગી જવની તૈયારીમાં હતા, પણ ત્યાં કપ્તાન રેટલસેબર ચોધાર આંસુએ રડવા લાગ્યો.






"મારો પોપટ," એ રડયો, "મને મારો પોપટ જોઇએ! એ ચાલીસ વર્ષોથી મારી પાસે છે અને મને એ પાછો જોઇએ છે!" પણ એણે એ કૂતરા પર હૂમલો કરવાની હિમ્મત ન કરી, કારણકે હોરેસ એને બટકું ભરી શકતો હતો.

"મારો ખજાનો," કપ્તાન બ્લેકેનડેગરે રાડ પાડીને કહ્યું, "આ ખજાનો મારો છે અને મને એ પાછો જોઇએ છે!" પણ એણે એના દુશ્મન પર હૂમલો કરવાની હિમ્મત ન કરી, કારણકે કપ્તાન રેટલસેબર વજનમાં એનાથી ભારે હતો.



"હે ભગવાન!" મિસ્ટર ઓલ્ડકાસલે ઉદ્ગાર કાઢ્યો, "આવું નહીં ચાલે. મારો ઉકેલ સાંભળો, કપ્તાન રેટલસેબર. તમે અડધો ખજાનો બ્લેકેનડેગરને આપી દો, હું મારા કૂતરાને પાછો બોલાવી લઇશ, અને પછી તમને તમારો પોપટ મળી જશે."

કપ્તાન રેટલસેબર રાજી થઇ ગયો, કારણકે એને એના પોપટ માટે બહુ પ્રેમ હતો, અને એનો પોપટ ખજાનાના અડધા ભાગની કિંમત જેટલો હતો. કપ્તાન બ્લેકેનડેગર પણ માની ગયો, કારણકે કંઇ ન મળે એના કરતા અડધો ખજાનો જ મળે એ વધારે સારું હતું. ત્યાં સુધી કે હોરેસ પણ પોપટને છોડવા માટે તૈયાર થઇ ગયો, જોકે એ એને એના બપોરના ભોજન માટે ખાવાનું વધારે પસંદ કરત.



એટલે બધું સારું થઇ ગયું. બન્ને કપ્તાનોએ મિત્ર બનવાનો વાયદો કર્યો અને એક-બીજા સાથે હાથ મિલાવ્યા, અને રેટલસેબર અને એના દરિયાઇ ચાંચિયા અડધા ખજાના - અને પોપટ - સાથે એના જહાજ પર પાછા ફર્યા.

કપ્તાન બ્લેકેનડેગરે આભાર વ્યક્ત કર્યો, અને એણે ખજાનો શોધવામાં મદદ કરવા માટે ગમડ્રોપની પીઠ થપથપાવી. એણે એક ઇનામ આપવાનો પ્રસ્તાવ મૂક્યો, પણ મિસ્ટર ઓલ્ડકાસલે પેટીમાં રાખેલા સ્પેનિશ ડબલૂનના ઢગલામાંથી ફક્ત એક સિક્કો જ લીધો.

"અને કદાચ બ્રાન્ડીની બોટલ પણ," એણે સૂચવ્યું.



બધાએ હાથ મિલાવ્યા, ટોચ અને ફઝે અડધા ખજાનાવાળી પેટી ઉપાડી, અને કપ્તાન બ્લેકેનડેગર અને એના દરિયાઇ ચાંચિયા એક આનંદમય ગીત ગાતા એના જહાજ તરફ પાછા ફર્યા.



"ઠીક છે," મિસ્ટર ઓલ્ડકાસલે કહ્યું, "આ બધું થયા પછી આપણે એક પીણાંના હકદાર છીએ!" એણે થોડી બ્રાન્ડી રેડી અને ડેનને પણ આપી.

અને ત્યારે ડેનની કલ્પનાશક્તિ કામ કરતી બંધ થઇ ગઇ, કારણકે એ કલ્પના કરી શકતો ન હતો કે બ્રાન્ડીનો સ્વાદ કેવો હોય છે...



એનો સ્વાદ સંતરાના રસ જેવો હતો, સરસ અને ઠંડો. એ એની પીકનીક પૂરી કરીને પાછા સમુદ્ર તટ પર આવી ગયા હતા. ડેને જોયું કે આ વખતે વરસાદ ખરેખર બંધ થઇ ગયો હતો અને સૂરજ ચમકી રહ્યો હતો.

"મારા દીકરા," મિસ્ટર ઓલ્ડકાસલે કહ્યું, "મેં તને તારી કલ્પનાશક્તિનો ઉપયોગ કરવાનું કહ્યું હતું, અને આ વખતે તારી કલ્પનાશક્તિએ ચોક્કસ વધારે પડતું કામ કર્યું હશે!"

અને એટલે તમારે માનવું પડશે કે એવું જ થયું હતું.

શું એ ફક્ત કલ્પના જ હતી? કારણકે જયારે મિસ્ટર ઓલ્ડકાસલ પિકનિકનો સામાન સમેટી રહ્યા હતા, તો ત્યાં, ગમડ્રોપની પાછલી સીટ પર, એને એક બ્રાન્ડીની બોટલ, એક સ્પેનિશ ડબલૂન, અને એક દરિયાઇ ચાંચિયાની ટોપી મળી.

અને હોરેસના મોઢામાં એક પોપટનું પીછું હતું.





સમાપ્ત

